**ફોજદારી કેસ નં.–૨૬૩/૨૦૨૫**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

આરોપીઓ **(૨) ઘનશ્યામ ઉર્ફે બોદુ જેરામભાઇ પટોડીયા, (૩) રાજુ ઉર્ફે ઘેટો બઘાભાઇ કોડીયાતર, બંને રહે.બોરવાવ, તા.તાલાલા વાળા** સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થતા અગાઉ ગુનો કબુલ કરેલ છે અને તેનો પ્રથમ ગુનો છે. તેમજ ગરીબ વર્ગના છે. તેમના ઉપર કુંટુંબના ભરણપોષણની જવાબદારી હોય દયાની માંગણી કરેલ છે. આરોપીને તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજા જમાવવા છતાં તેઓ ગુના કબુલાતને વળગી રહે છે. આથી કબુલાત સ્વેચ્છાએ કરતા હોવાનું જણાતા કબુલાત નોંધવામાં આવે છે.

આરોપીએ કોર્ટ સમક્ષ કબુલાત કર્યા બાદ તેને ગુનાની સજાની જોગવાઈની સમજ કરી અને ગુનો કબુલ કર્યા બાદ તેને વિચારવા અંગે સમય આપવામાં આવેલ. ત્યારબાદ પણ આરોપીને પુછતા જણાવે છે કે તેને હાલનો ગુન્હો કબુલ કરવો છે. આરોપીને દોષીત ઠરાવ્યા બાદ સજા અંગે સાંભળવામાં આવ્યા. આરોપીએ ગુનાની સ્વેચ્છાપુર્વક કબુલાત કરેલ છે તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યક્ત કરેલ છે. પોતાનો આ પ્રથમ ગુનો હોય રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે. આરોપી મજુરી કામ કરે છે તેવુ જણાવે છે અને પોતે ગરીબ છે તથા કુંટુંબની એકમાત્ર કમાનાર વ્યક્તિ હોવાની રજુઆત કરેલ છે. કુંટુંબના અને પોતાના ભવિષ્યને લક્ષમાં રાખી ગુનો માફ કરવા વિનંતી કરેલ છે.

આરોપીને દોષીત ઠરાવેલ હોય, આથી તેને સજા કરવી જોઈએ તેમ આ અદાલત માને છે. તેમજ સમાજના હિતમાં પણ આરોપીને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી. આરોપીની રજુઆત ધ્યાને લેતા તથા કબુલાત પુરશીષ વંચાણે લેતા તેમજ ગુનાનો પ્રકાર તથા આરોપીની ઉંમર ધ્યાને લેતા તેને સુધરવાની તક મળી રહે તેના હેતુથી યોગ્ય સજા થવી જોઈએ. તથા આ કામે કાયદાથી લઘુતમ સજા નિયત કરેલ છે. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નં.૭૦૯ પરના સ્ટેટ ઓફ ગુજરાત–વિ–નટવર હરચંદજી ઠક્કરના કેસમાં પારા–૨૧ માં ઠરાવેલ છે કે, જ્યારે પુરતા અને વ્યાજબી કારણો હોય ત્યારે કેસના સંજોગોને ધ્યાનમાં લઈ કોર્ટ લઘુતમ સજાથી પણ ઓછી સજા કરી શકશે. સદરહું ચુકાદાના પાના નં.૭૨૧ ના પારા–૨૧ માં જણાવેલા કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોક્ત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો

હોય તેમ જણાય છે. વધુમાં હાલના ગુનાનો પ્રકાર, આરોપીની સ્થિતિ, કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ સજાનો અહેસાસ થાય અને ન્યાયનો હેતુ જળવાય તે રીતે સજા કરવામાં આવે તો તે યોગ્ય રહેશે તેમ આ અદાલતનું માનવું છે. તથા આરોપી જેલમાં અન્ય રીઢા ગુનેગારોના સંપર્કમાં આવે તો તેના જીવન પર વિપરીત અસર થવાની પણ સંભાવના છે. આ સંજોગોમાં આરોપીને કાયદામાં નિયત કરેલ લઘુતમ સજાથી પણ ઓછી સજા કરવા માટે પુરતા સંજોગો છે તથા લઘુતમ સજાથી પણ ઓછી સજા કરવામાં આવે તો પણ ન્યાયનો હેતુ જળવાશે તેમ આ અદાલતનું માનવું છે. હાલનો હુકમ છે તે આરોપીની આર્થિક સ્થિતિ, હાલના કેસના સંજોગો, તેની ઉંમર ધ્યાને લઈને કરવામાં આવે છે. કાયદાની કલમ ગમે તે હોય પરંતુ તે આરોપીએ ક્યા સંજોગોમાં ગુન્હો કર્યો છે તે અને આરોપીના સંજોગો ધ્યાને અને આરોપીની સ્થિતિ સજા કરતા વખતે ધ્યાન લેવી જોઈએ. હાલનો હુકમ માત્ર હાલનો કેસના આરોપી, તેના સંજોગો અને તેની આર્થિક સ્થિતિ ધ્યાને લઈને કરવામાં આવે છે.

વધુમાં આરોપીને સ્વૈચ્છીક રીતે નામદાર કોર્ટ દ્વારા અને તેઓના વિ.વ.શ્રીને કરોલ સમજ મુજબ સજા અંગેની સમજુતી આપેલ છે અને આરોપીએ ગુનો કબુલ કરેલ છે. **પ્રોહી કલમ–૬૫ એ એ** મુજબ શિક્ષાને પાત્ર ગુનામા તકસીરવાન ઠરાવવામાં આવે છે અને દરેક આરોપીને રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) એમ કુલ મળી **રૂા.૫૦૦*૨= ૧૦૦૦/–** (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડનો હુકમ કરવામા આવે છે, તેમજ જો દંડની રકમ ન ભરે તે સાત (૭) દિવસની સાદી કેદનો હુકમ કરવામા આવે છે.

સદર હુકમની એક નકલ પોલીસ સ્ટેશનને મોકલવી.

હુકમ, આજરોજ તારીખ–૧૩/૦૯/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ તાલાલા.
તારીખઃ ૧૩/૦૯/૨૦૨૫

**(પી.એન.જાડેજા)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.
તાલાલા.
કોડ નં. જી.જે. ૦૧૭૩૩.